# વૃક્ષપ્રેમી રાજા

એક રાજા હતો. તેને વૃક્ષો પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તે દર વર્ષે એના રાજ્યની પડતર જમીનમાં વૃક્ષારોપણ કરાવતો હતો. તે એના રાજ્યના લોકોને કહેતો, ''જંગલનાં વૃક્ષોથી પશુઓનું રક્ષણ થાય છે અને પશુઓથી જંગલનાં વૃક્ષોનું રક્ષણ થાય છે. વૃક્ષો અને પશુઓ બંને મનુષ્ય જાતિ માટે ઘણાં ઉપયોગી છે.''

લોકોને આ વાત સમજાવવા માટે રાજા એક સુંદર મજાની વાર્તા કહેતો :

એક વખત જંગલનાં વૃક્ષોએ ભગવાનને ફરિયાદ કરી, ''અમારા જંગલમાં હિંસક પશુઓ રહેતાં હોવાથી મનુષ્યો એમનાથી ડરે છે અને જંગલમાં આવતાં નથી. અમને મનુષ્યો વિના ચેન પડતું નથી. તેથી હિંસક પશુઓને જંગલમાંથી દૂર કરી દો.''

ભગવાને તેમની માગણી સ્વીકારી હિંસક પશુઓને જંગલમાંથી દૂર કરી દીધાં. મનુષ્યોને પશુઓનો ભય ન રહેતાં તેઓ જંગલમાં આવી વૃક્ષો કાપવા લાગ્યા. જંગલનાં વૃક્ષોએ ભગવાનને ફરીથી હિંસક પશુઓને જંગલમાં પાછાં બોલાવી લેવા વિનંતી કરી. જેથી પ્રાણીઓ તેમનું માનવજાતથી રક્ષણ કરે.

એક વખત જંગલનાં પશુઓએ ભગવાનને ફરિયાદ કરી : ''જંગલમાં ઠેરઠેર વૃક્ષો હોવાથી અમે ઝડપથી દોડી શકતાં નથી. તેથી શિકારીઓ સહેલાઈથી અમારો શિકાર કરી શકે છે કે અમને પકડી લે છે.''

ભગવાને તેમની માગણી સ્વીકારીને જંગલમાંથી વૃક્ષો દૂર કરી દીધાં. જંગલમાં હવે વૃક્ષો ન હોવાથી શિકારીઓને પશુઓનો શિકાર કરવામાં ઘણી સરળતા થઈ ગઈ. પરિણામે પશુઓની સંખ્યા ટપોટપ ઘટવા લાગી. આથી પશુઓએ ભગવાનને જંગલમાં ફરીથી વૃક્ષો લાવી દેવાની વિનંતી કરી. ભગવાને પશુઓની વિનંતી સ્વીકારીને જંગલને ફરી પાછું વૃક્ષોથી હરિયાળું બનાવી દીધું.

ભગવાને એમને કહ્યું, ''વૃક્ષોથી પશુઓ અને પશુઓથી વૃક્ષો શોભે છે. એ બંને એકબીજાનું રક્ષણ કરે છે. વૃક્ષો અને પશુઓ વડે જગતની સમૃદ્ધિ અને શોભામાં પણ વધારો થાય છે.''

આમ, એ રાજા પોતાની પ્રજાને વૃક્ષો અને પશુઓનું મહત્ત્વ સમજાવી તેમનું જતન કરવાની પ્રેરણા આપતો હતો.

રાજા આટલા બધા પ્રયત્નો કરતો હોવા છતાં એક વખત એક ખેડૂતે તેના ખેતરમાંથી મહુડાનું એક વૃક્ષ કાપી નાખ્યું. રાજાને આ વાતની ખબર પડી. એટલે તરત જ રાજાએ એ ખેડૂતને દરબારમાં હાજર કરવા સિપાહીઓને હુકમ કર્યો.



રાજાના સિપાહીઓએ ખેડૂતને પકડીને રાજાના દરબારમાં હાજર કર્યો. ખેડૂત ગભરાઈ ગયો. તેણે તેનો ગુનો કબૂલ કરી લીધો અને રાજાની માફી માગી.

પરંતુ રાજાએ ખેડૂતને સજા કરવાનો નિશ્ચય કર્યો.

રાજાએ તેને વૃક્ષ કાપવાની સજા સંભળાવતાં કહ્યું, ''આપણા રાજ્યની સીમા પર એક મોટું તળાવ છે. તારે આ વિશાળ તળાવની આસપાસ દસ વર્ષ સુધી દર વર્ષે દસ વૃક્ષો રોપવાનાં તથા ઉછેરવાનાં રહેશે.''

લોકોએ વૃક્ષપ્રેમી રાજાના ન્યાયની ખૂબ ખૂબ પ્રશંસા કરી.

ખેડૂતે રાજાના આદેશ પ્રમાણે દસ વર્ષમાં સો વૃક્ષો રોપ્યાં અને તેની સારી રીતે માવજત કરીને ઉછેર્યાં.

**– રસપ્રદ બોધકથાઓમાંથી**

■